==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

તિરુપતિ બાલાજી ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય

વિરુદ્ધ

બિહાર રાજ્ય અને અન્ય

૨૧ એપ્રિલ, ૨૦૦૪

[આર. સી. લાહોટી અને અશોક ભાન, ન્યાયમૂર્તિઓ]

ભારતનું સંવિધાન, ૧૯૫૦:

અનુચ્છેદ ૧૨૪ અને ૧૨૯ – સુપ્રિમ કોર્ટની સ્થાપના – અભિલેખ અદાલત – સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટો – વચ્ચેનો સંબંધ – ઠરાવ્યું: સુપ્રિમ કોર્ટ અને હાઇ– કોર્ટો બંને અભિલેખ અદાલતો છે અને સંવિધાનિક રીતે એકબીજાથી સ્વતંત્ર છે – હાઇકોર્ટ એ સુપ્રિમ કોર્ટની 'તાબાની' અદાલત નથી – અપીલ અધિકારક્ષેત્રના સંદર્ભમાં, હાઇકોર્ટ ગૌણ અથવા તાબાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે – અનુચ્છેદ ૧૩૯એ, ૧૪૧ અને ૧૪૪ એ સંવિધાનિક શ્રેણીબદ્ધ

વ્યવસ્થામાં હાઇકોર્ટોની સરખામણીએ સુપ્રિમ કોર્ટને સરસાઈ આપે છે અને ઉચ્ચતર સ્થાન પ્રદાન કરે છે – જોકે, અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ના સંદર્ભમાં હાઇકોર્ટો વધુ વ્યાપક અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે – સંવિધાનિક સંસ્થાઓ હોવાના કારણે, સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોએ ગરિમા અને સૌજન્ય જાળવી રાખીને એકબીજા સાથે વ્યવહાર કરવો જોઈએ – ન્યાયાધીશોએ એકબીજાની ટીકા કરવી જોઈએ નહીં – તેમાંથી કોઈપણ વિચલનને અપીલ મંચ દ્વારા સૌજન્ય અને આદરપૂર્વક સુધારવું જોઈએ અને કઠોર ટીકા દ્વારા નહીં – પોતાના અપીલ અધિકારક્ષેત્રના ઉપયોગમાં નિર્દેશો જારી કરતી વખતે, સુપ્રિમ કોર્ટ તેવા કોઈ "નિર્દેશો" આપવાથી સાવચેતીપૂર્વક દૂર રહે છે અને તેના બદલે વૈકલ્પિક અને વિનમ્ર અભિવ્યક્તિઓનો ઉપયોગ કરે છે.

અનુચ્છેદ ૧૩૬ – સ્વરૂપ અને વ્યાપ – ઠરાવ્યું: અનુચ્છેદ ૧૩૬ હેઠળનું અધિકારક્ષેત્ર ખૂબ વ્યાપક અને સંપૂર્ણ છે – જોકે, વિવેકબુદ્ધિ અને સ્વયં–લાદિત શિસ્તના નિયમ તરીકે, જો ઉપસ્થિત કરાયેલી ફરિયાદનું નિવારણ કરવા માટે સક્ષમ હોય તેવા કોઈપણ નીચલા મંચ દ્વારા તેનું નિવારણ થઈ શકે તેમ હોય તો સુપ્રિમ કોર્ટ પ્રથમ તબક્કે પોતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાનો ઇનકાર કરે છે – તે સંવિધાન દ્વારા સુપ્રિમ કોર્ટમાં ગર્ભિત વિશ્વાસ અને શ્રદ્ધા સાથે નિહિત કરાયેલું એક અસાધારણ અધિકારક્ષેત્ર છે – તે એક વિવેકાધીન અધિકારક્ષેત્ર છે અને તેનો ઉપયોગ અસાધારણ કાળજી અને સાવચેતી સાથે કરવો જોઈએ.

અનુચ્છેદ ૧૩૬ – પ્રતિકૂળ અવલોકનો – હાઇકોર્ટ દ્વારા સુપ્રિમ કોર્ટ વિરુદ્ધ – રદ કરવા બાબત – ઠરાવ્યું: સર્વોચ્ચ અદાલત તરીકે પોતાની ગરિમા જાળવી રાખવા માટે, તેવા પ્રતિકૂળ અવલોકનો હાઇકોર્ટના રેકોર્ડ પરથી કાઢી નાખવામાં આવે છે –

અનુચ્છેદ ૧૪૪–હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલ પાસેથી અમુક માહિતી માંગતો સંદેશાવ્યવહાર – હાઇકોર્ટે આવા સંદેશાવ્યવહાર પર ન્યાયિક રીતે કાર્યવાહી કરી – તેની યોગ્યતા – ઠરાવ્યું: આવા સંદેશાવ્યવહાર પર વહીવટી સ્તરે કાર્યવાહી થવી જોઈતી હતી – હાઇકોર્ટે સુપ્રિમ કોર્ટને સાચી વાસ્તવિક સ્થિતિથી વાકેફ કરવી જોઈતી હતી – આવો સંદેશાવ્યવહાર હાઇકોર્ટ માટે અપમાનજનક ન હતો – માત્ર આવા સંદેશાવ્યવહારના આધારે હાઇકોર્ટનો દરજ્જો એક મુકદ્દમાબાજ પક્ષકાર જેટલો ઘટી ગયો ન હતો કે ન તો હાઇકોર્ટને પક્ષકાર તરીકે જોડવામાં આવી હતી કે ન તો એક સંસ્થા તરીકે અને અભિલેખ અદાલત તરીકે હાઇકોર્ટ પાસેથી ખુલાસો આપવા અથવા પ્રત્યુત્તર આપવા માંગ કરવામાં આવી હતી – અનુચ્છેદ ૫૦ – કારોબારીથી ન્યાયતંત્રનું પૃથક્કરણ – ન્યાયતંત્રની સ્વતંત્રતા – ઠરાવ્યું: યોગ્ય પરિપ્રેક્ષ્યમાં તપાસતાં, અપીલ શ્રેણીબદ્ધ વ્યવસ્થા એ પ્રણાલીની અંદર જ ન્યાયનિર્ણયમાં આખરીપણું સુનિશ્ચિત કરીને અને કોઈપણ બાહ્ય દખલ કે સુધારાથી તેનું રક્ષણ કરીને ન્યાયતંત્રની સ્વતંત્રતામાં દ્રઢતાપૂર્વક યોગદાન આપતું પરિબળ છે.

સંવિધાનનું અર્થઘટન – માર્ગદર્શક પરિબળો – ઠરાવ્યું: અલગ–અલગ

ન્યાયાધીશો જે અલગ–અલગ મૂલ્યોમાં માને છે તેની સાથે સંવિધાનનું અર્થઘટન બદલાઈ શકે નહીં – તેથી, સામાન્ય લોકહિતનો ખ્યાલ જ માર્ગદર્શક બનવો જોઈએ.

દિવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮:

કલમો ૯૬ અને ૧૦૦ – અપીલ – સ્વરૂપ અને વ્યાપ – ઠરાવ્યું: અપીલનો અર્થ કોઈપણ ગૌણ અદાલત કે ટ્રિબ્યુનલમાંથી કોઈ વાદકારણને ઉપલી અદાલતમાં લઈ જવું થાય છે, જેથી હકીકતો તેમજ કાયદો બંને સંપૂર્ણપણે પુનરાવલોકન અને પુનઃવિચારણાને આધીન બને – અપીલ અધિકારક્ષેત્રની પૂર્વધારણાઓ આ પ્રમાણે છે: (૧) વરિષ્ઠ અને ગૌણ અદાલતો વચ્ચેના સંબંધનું અસ્તિત્વ – (૨) પૂર્વોક્ત (વરિષ્ઠ) અદાલતમાં ઉત્તરોક્ત (ગૌણ) અદાલતના નિર્ણયોની સમીક્ષા કરવાની સત્તા – મુખ્ય મૂળભૂત અધિકારક્ષેત્ર એનાયત થવાની સાથે, તે સત્તાના એક અનિવાર્ય આનુષંગિક પરિણામ તરીકે, તેવી અન્ય પ્રાસંગિક અને સહાયક સત્તાઓ વાપરવાની સત્તા પણ સંકળાયેલી હોય છે કે જેના વિના મુખ્ય સત્તાનું એનાયત થવું નિરર્થક બની જાય – વળી, અપીલ અનિયમિત કે અસમર્થ હોવા છતાં, તે અપીલ મટી જતી નથી – અપીલ અધિકારક્ષેત્રનું અસ્તિત્વ નીચલા અધિકારક્ષેત્ર પર એવી ફરજ લાદે છે કે તે અપીલ અધિકારક્ષેત્રનો સંપૂર્ણ અને અસરકારક રીતે ઉપયોગ કરવા સક્ષમ બનાવવા માટે પોતાની તમામ સહાય પૂરી પાડે. •

શબ્દો અને શબ્દસમૂહો:

"અપીલ" – અર્થ –

હાઇકોર્ટની ડિવિઝન બેંચ સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળ પોતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને જાહેર હિતની એક સુનાવણી હાથ ધરી રહી હતી. હાઇકોર્ટ સતત પરમાદેશના સ્વરૂપમાં હુકમો જારી કરી રહી હતી અને તેના પાલન પર દેખરેખ પણ રાખી રહી હતી.

હાઇકોર્ટે ૧–૧૦–૨૦૦૧ ના રોજ એક વચગાળાનો હુકમ પસાર કર્યો હતો. બાંધકામ પ્રવૃત્તિમાં સંકળાયેલા કેટલાક બિલ્ડરો/ડેવલપરો હતા અને તારીખ ૧–૧૦–૨૦૦૧ ના વચગાળાના હુકમની અસર તેમની બાંધકામ પ્રવૃત્તિને નોંધપાત્ર રીતે ઠપ કરી દેવાની થઈ હતી. ૧૭–૯–૨૦૦૨ ના રોજ, તે પૈકીના સાત જણાએ હાઇકોર્ટના તારીખ ૧–૧૦–૨૦૦૧ ના હુકમ સામે અપીલ કરવાની ખાસ પરવાનગી માંગતી એક અરજી આ અદાલતમાં દાખલ કરી હતી. કેસના શીર્ષકમાં તેઓએ પોતાને દરમિયાનગીરી કરનારાઓ/અરજદારો તરીકે દર્શાવ્યા હતા. જે કાર્યવાહીમાં તારીખ ૧–૧૦–૨૦૦૧ નો હુકમ પસાર કરવામાં આવ્યો હતો, તેમાં તેઓ પક્ષકાર ન હતા કે તેમને નોટિસ પણ આપવામાં આવી ન હતી, ઓછામાં ઓછું તેઓએ ખાસ પરવાનગી અરજી દાખલ કરવાની પરવાનગી માંગતી પોતાની અરજીમાં તેમ જણાવ્યું હતું.

આ અદાલતે, ૨૮–૧૦–૨૦૦૨ ના રોજ, ખાસ પરવાનગી અરજી ફગાવી દીધી હતી અને તેઓને હાઇકોર્ટ સમક્ષ પોતાનો કેસ અને જો કોઈ ફરિયાદ હોય તો તે રજૂ કરવા તેમજ હાઇકોર્ટ દ્વારા પસાર કરાયેલા તારીખ ૧–૧૦–૨૦૦૧ ના

વચગાળાના હુકમને રદ કરવા અથવા તેમાં ફેરફાર કરવા માટે અરજ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ અદાલતે વધુમાં ઠરાવ્યું હતું કે અરજદારો સદર બાબતની સુનાવણી ઝડપથી ચલાવવા માટે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો સંપર્ક કરી શકે છે.

૫–૪–૨૦૦૩ ના રોજ અરજદારો દ્વારા આ અદાલતમાં વચગાળાની અરજીઓ દાખલ કરીને એવી રજૂઆત કરવામાં આવી હતી કે તારીખ ૧–૧૦–૨૦૦૧ ના વચગાળાના હુકમને રદ કરવાની અરજ કરતી તેમની અરજીઓ ૧૬/૧૭–૭–૨૦૦૨ ના રોજ પહેલેથી જ દાખલ કરવામાં આવી હતી, પરંતુ મનાઈહુકમ રદ કરવાની અરજીની સુનાવણી માટે કોઈ તારીખ નક્કી કરવામાં આવી ન હતી. અરજીમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે મેન્શનિંગ સ્લિપ રજૂ કરવામાં આવી હતી જેને બેંચ ઉપલબ્ધ થાય ત્યારે રજૂ કરવા માટે રેકોર્ડ પર લેવામાં આવી હતી. વધુમાં એવું જણાવવામાં આવ્યું હતું કે આ અદાલતના તારીખ ૨૮–૧૦–૨૦૦૨ ના હુકમ પછી, બાબતને વહેલી સૂચિબદ્ધ કરવાની અરજ કરતી આવી મેન્શનિંગ સ્લિપ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ ત્રણ અલગ–અલગ દિવસોએ દાખલ કરવામાં આવી હતી, પરંતુ કોઈ હુકમો પસાર કરવામાં આવ્યા ન હતા. અરજીમાં કરવામાં આવેલા કથનોને સોગંદનામા અને દસ્તાવેજો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, જેમાં મોટાભાગે હાઇકોર્ટની કાર્યવાહીના રેકોર્ડની નકલો સામેલ હતી.

આ અદાલતે અરજીઓ પર નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ૩–

૧૧–૨૦૦૩ ના રોજ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળી ત્રણ ન્યાયાધીશોની બેંચે ઉપસ્થિત પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળ્યા પછી, અને અરજદારો દ્વારા કરવામાં આવેલા કથનો સાચા છે કે કેમ તેની ખાતરી કરવા માટે, હાઇકોર્ટ પાસેથી પ્રત્યુત્તર માંગ્યો હતો. આ અદાલતનો હુકમ આ અદાલતની રજિસ્ટ્રી દ્વારા હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલને મોકલવામાં આવ્યો હતો. તિરુપતિ બાલાજી ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ રાજ્ય ૪૯૭ હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલે એક નોંધ તૈયાર કરી અને તે વિચારણા માટે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ રજૂ કરી. તે નોંધ વહીવટી સ્તરે નહીં પરંતુ ન્યાયિક સ્તરે વિચારણા માટે લેવામાં આવી હોવાનું જણાયું હતું. જાણે કે આ અદાલતે એક સંસ્થા તરીકે હાઇકોર્ટને 'ખુલાસો આપવા' માટે 'નિર્દેશ' આપ્યો હોય તેવી છાપ ઊભી કરીને, હાઇકોર્ટે આ અદાલતના તારીખ ૩–૧૧–૨૦૦૩ ના હુકમ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો.

હાઇકોર્ટે તારીખ ૩–૧૨–૨૦૦૩ ના વાદગ્રસ્ત હુકમમાં કરેલા અવલોકનોથી નીચે મુજબના પ્રશ્નો ઉપસ્થિત થયા:–

(એ) શું આ અદાલત, સંવિધાનના અનુચ્છેદ ૧૩૬ હેઠળ અપીલ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને, (૧) હકીકતોની ખાતરી કરવાના, (૨) તારીખ ૨૮–૧૦–૨૦૦૨ ના હુકમમાં સમાવિષ્ટ નિર્દેશનું પાલન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે માહિતી માંગતો સંદેશાવ્યવહાર હાઇકોર્ટને મોકલવાનો નિર્દેશ આપી શકી ન હોત?

(બી) શું હાઇકોર્ટની ડિવિઝન બેંચ તે તમામ અવલોકનો કરવા માટે – કાયદાની દ્રષ્ટિએ અને ઔચિત્યના માપદંડો પર – વાજબી હતી?

(સી) શું હાઇકોર્ટ માટે પોતાનો સંદેશાવ્યવહાર કોઈ ચોક્કસ બેંચ સમક્ષ વિચારણા અર્થે રજૂ કરવા માટે આ અદાલતના રજિસ્ટ્રાર જનરલને નિર્દેશ આપવો યોગ્ય છે?

અરજીઓનો નિકાલ કરતાં, અદાલતે

ઠરાવ્યું: ૧. ન્યાયતંત્ર માટે ઘડવામાં આવેલી સંવિધાનિક યોજના હેઠળ, સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટો બંને અભિલેખ અદાલતો (કોર્ટ ઓફ રેકોર્ડ) છે. હાઇકોર્ટ એ સુપ્રિમ કોર્ટની 'તાબાની' અદાલત નથી. એક રીતે હાઇકોર્ટમાં નિહિત ન્યાયિક સત્તાઓનો વ્યાપ વધુ વિસ્તૃત છે, કારણ કે તે સંવિધાનના ભાગ ત્રણ દ્વારા પ્રદત્ત અધિકારો પૈકીના કોઈપણ અધિકારના અમલ માટે તેમજ અન્ય કોઈપણ હેતુ માટે સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ દ્વારા એનાયત કરાયેલી તમામ વિશેષાધિકાર રિટ જારી કરવાનું અધિકારક્ષેત્ર ધરાવે છે, જ્યારે સુપ્રિમ કોર્ટનું વિશેષાધિકાર રિટ જારી કરવાનું મૂળ અધિકારક્ષેત્ર માત્ર મૂળભૂત અધિકારોના અમલ પૂરતું અને રાષ્ટ્રપતિની ચૂંટણી કે આંતર–રાજ્ય વિવાદો જેવી અમુક બાબતો પૂરતું જ મર્યાદિત રહે છે જે બાબતોની હાઇકોર્ટો દ્વારા સુનાવણી અને નિકાલ કરવાની સંવિધાનમાં કલ્પના કરવામાં આવી નથી. હાઇકોર્ટ તમામ તાબાની અદાલતો અને ટ્રિબ્યુનલો પર સંવિધાનના અનુચ્છેદ ૨૨૭ હેઠળ દેખરેખની સત્તા વાપરે છે; સુપ્રિમ કોર્ટને દેખરેખની કોઈ સત્તા એનાયત કરવામાં

આવી નથી. જો સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટો બંનેને ન્યાય વહીવટમાં ભાઈઓ તરીકે ગણવામાં આવે, તો પણ સુપ્રિમ કોર્ટ મોટો ભાઈ રહે છે. કેટલીક એવી જોગવાઈઓ છે, જે શ્રેણીબદ્ધ વ્યવસ્થામાં હાઇકોર્ટોની તુલનાએ સુપ્રિમ કોર્ટને સરસાઈ આપે છે અને ઉચ્ચતર સ્થાન પ્રદાન કરે છે. જ્યાં સુધી અપીલ અધિકારક્ષેત્રનો સંબંધ છે, તમામ દીવાની અને ફોજદારી બાબતોમાં, સુપ્રિમ કોર્ટ સર્વોચ્ચ અને આખરી અપીલ અદાલત છે. તે કાયદાનું આખરી અર્થઘટન કરનાર છે. અનુચ્છેદ ૧૩૯–એ હેઠળ, સુપ્રિમ કોર્ટ એક હાઇકોર્ટ સમક્ષ પેન્ડિંગ રહેલા કોઈપણ કેસને બીજી હાઇકોર્ટમાં તબદીલ કરી શકે છે અથવા તે કેસ પોતાની પાસે મંગાવી શકે છે. અનુચ્છેદ ૧૪૧ હેઠળ સુપ્રિમ કોર્ટે ઠરાવેલો કાયદો ભારતના રાજ્યક્ષેત્રમાં આવેલી તમામ અદાલતો પર, જેમાં હાઇકોર્ટનો પણ સમાવેશ થાય છે, બંધનકર્તા રહેશે. અનુચ્છેદ ૧૪૪ હેઠળ ભારતના રાજ્યક્ષેત્રમાં આવેલી તમામ દીવાની અને ન્યાયિક સત્તાવાળાઓ – અને જેમાં હાઇકોર્ટોનો પણ સમાવેશ થશે – સુપ્રિમ કોર્ટની સહાયમાં કામ કરશે. [૫૧૦–એ–ઈ]

ભારત બિલ્ડર પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ પારિજાત ફ્લેટ ઓનર્સ કો–ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, (૧૯૯૯) ૫ એસસીસી ૬૨૨, ભારત અર્થ મુવર્સ વિરુદ્ધ સીઆઇટી, (૨૦૦૦) ૬ એસસીસી ૬૪૫, આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ સેન્ટ્રલ એક્સાઇઝ વિરુદ્ધ ડનલપ ઇન્ડિયા લિમિટેડ, [૧૯૮૫] ૧ એસસીસી ૨૬૦, સિલીગુરી મ્યુનિસિપાલિટી વિરુદ્ધ અમલેન્દુ દાસ, (૧૯૮૪) ૨ એસસીસી ૪૩૬ અને સ્ટેટ ઓફ પંજાબ વિરુદ્ધ જગદેવ સિંહ તલવંડી, (૧૯૮૪) ૧ એસસીસી ૫૯૬, પર આધાર રાખવામાં આવ્યો.

કેસેલ એન્ડ કંપની લિમિટેડ વિરુદ્ધ બ્રુમ, [૧૯૭૨] ૧ ઓલ ઈઆર ૮૦૧, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૨.૧. ભારતે તેના સંવિધાન હેઠળ જે એકીકૃત શ્રેણીબદ્ધ ન્યાયિક પ્રણાલી સ્વીકારી છે, તેમાં ઊભી રીતે સુપ્રિમ કોર્ટને હાઇકોર્ટો કરતાં ઉપર મૂકવામાં આવી છે. સંવિધાન હાઇકોર્ટોના નિર્ણયો સામે સુપ્રિમ કોર્ટને અપીલની સત્તા પ્રદાન કરે છે તે જ હકીકતથી, કેટલાક પરિણામો સ્વાભાવિક રીતે જ ઉદ્ભવે છે અને અનુસરે છે. અપીલનો તેના સ્વાભાવિક અને સામાન્ય અર્થમાં તાત્પર્ય એ છે કે ગૌણ અદાલત કે ટ્રિબ્યુનલના નિર્ણય અને કાર્યવાહીની યોગ્યતા ચકાસવાના હેતુથી કોઈ બાબત (કાર્યવાહી) ને કોઇપણ ગૌણ અદાલત કે ટ્રિબ્યુનલમાંથી ઉપલી અદાલતમાં લઈ જવી. જે મંચના નિર્ણય સામે અપીલ કરવામાં આવી હોય તેના હુકમનામા કે હુકમને ઉલટાવવાનું, બહાલી આપવાનું, રદબાતલ કરવાનું અથવા તેમાં ફેરફાર કરવાનું અધિકારક્ષેત્ર વરિષ્ઠ મંચ પાસે રહેશે અને રિમાન્ડના સંજોગોમાં, નીચલા મંચે તે બાબતની પુનઃ સુનાવણી કરવી પડશે અને રિમાન્ડના હુકમ સાથે આપેલા હોય તેવા નિર્દેશોનું પાલન કરવું પડશે. અપીલ અધિકારક્ષેત્રમાં નીચલી અદાલત કે મંચ પર બંધનકર્તા હોય તેવા સુધારાત્મક નિર્દેશો જારી કરવાની સત્તા સ્વાભાવિક રીતે જ સમાવિષ્ટ છે અને પાછળના (નીચલા) મંચ દ્વારા આવા નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળતા અથવા આવા નિર્દેશો પ્રત્યે અનાદર દર્શાવવો કે તેના ઔચિત્ય પર સવાલ ઉઠાવવો એ – સ્પષ્ટપણે – ન્યાય વહીવટની શ્રેણીબદ્ધ વ્યવસ્થા માટે વિનાશક બનશે. ન્યાય મેળવવા ઇચ્છતા લોકો અને સમાજ બંનેમાંથી વિશ્વાસ ગુમાવી બેસશે. [૫૧૦–

ઈ–એચ; પ૧૧–એ]

શંકર રામચંદ્ર અભ્યંકર વિરુદ્ધ કૃષ્ણાજી દત્તાત્રેય બાપટ, એઆઈઆર (૧૯૭૦) એસસી ૧, પર આધાર રાખવામાં આવ્યો. તિરુપતિ બાલાજી ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ રાજ્ય ૪૯૯

૨.૨. મુખ્ય મૂળભૂત અધિકારક્ષેત્રનું પ્રદાન પોતાની સાથે, તે સત્તાના એક અનિવાર્ય આનુષંગિક પરિણામ તરીકે, તેવી અન્ય પ્રાસંગિક અને સહાયક સત્તાઓ વાપરવાની સત્તા પણ ધરાવે છે કે જેના વિના મુખ્ય સત્તાનું પ્રદાન નિરર્થક બની જશે. અપીલ ભલે અનિયમિત હોય કે અસમર્થ હોય, તેમ છતાં તે અપીલ મટી જતી નથી. [પ૧૧–સી–ઈ]

નાગેન્દ્ર નાથ ડે વિરુદ્ધ સુરેશ ચંદ્ર ડે, એઆઈઆર (૧૯૩૨) પીસી ૧૬૫, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૨.૩. સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટો બંને સંવિધાનિક રીતે એકબીજાથી સ્વતંત્ર હોવા છતાં અને બંને અભિલેખ અદાલતો હોવા છતાં, અપીલ અધિકારક્ષેત્રના ઉપયોગની હદ સુધી, સુપ્રિમ કોર્ટ ચોક્કસપણે વરિષ્ઠ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે અને તેથી તે હાઇકોર્ટો કરતાં વરિષ્ઠ અદાલત છે, જે હાઇકોર્ટો તે સંદર્ભમાં ગૌણ અથવા તાબાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે. [પ૧૨–એ–બી]

શંકર રામચંદ્ર અભ્યંકર વિરુદ્ધ કૃષ્ણાજી દત્તાત્રેય બાપટ, એઆઈઆર

(૧૯૭૦) એસસી ૧ અને નાગેન્દ્ર નાથ ડે વિરુદ્ધ સુરેશ ચંદ્ર ડે, એઆઈઆર (૧૯૩૨) પીસી ૧૬૫, પર આધાર રાખવામાં આવ્યો.

ચપ્પન વિરુદ્ધ મોઈદિન કુટ્ટી, (૧૮૯૯) ૨૨ આઇ.એલ.આર. ૨૨ મદ્રાસ ૬૬, માન્ય રાખવામાં આવ્યો.

વ્હાર્ટન્સ લો લેક્સિકન, સ્ટોરી: કમેન્ટરીઝ ઓન ધ કોન્સ્ટીટ્યુશન ઓફ ધ યુનાઇટેડ સ્ટેટ્સ, કલમ ૧૭૬૧ અને શિમોન શેટ્રીટ: જજીસ ઓન ટ્રાયલ, પૃષ્ઠ ૨૦૧–૨૦૨, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૩. ન્યાયિક વર્તણૂક પર અંકુશ રાખવામાં અને અદાલતોમાં ન્યાયિક વર્તનના ઉચ્ચ ધોરણો સુનિશ્ચિત કરવામાં અપીલ અદાલતની ભૂમિકા બહુવિધ છે. અપીલ અદાલત ચોક્કસ કેસોમાં ન્યાયિક ગેરવર્તણૂકને ઠપકો આપે છે અને તેની ટીકા કરે છે તથા આવી ગેરવર્તણૂકના પરિણામે થતા અન્યાયનું નિવારણ કરે છે, પછી ભલે તે ચુકાદો ઉલટાવે, દોષિત ઠરાવવાનો હુકમ રદ કરે, સજામાં ઘટાડો કરે અથવા કોઈપણ રીતે ચુકાદામાં ફેરફાર કરે, પરંતુ આવી ગેરવર્તણૂક પ્રત્યેની નાપસંદગી અને નિંદા અદાલતોમાં જનતાના વિશ્વાસને પુનઃસ્થાપિત કરે છે, જે અન્યથા ક્ષતિગ્રસ્ત થઈ શક્યો હોત. અન્યાયગ્રસ્ત કે પૂર્વગ્રહપીડિત પક્ષકાર અને સમગ્ર જનતા કોઈ ચોક્કસ ન્યાયાધીશની ગેરવર્તણૂકને સમગ્ર ન્યાયતંત્ર પર આક્ષેપિત કરવા પ્રેરાઈ શકે છે. ચુકાદામાં કોઈ ફેરફાર કર્યા વિના પણ, અપીલ અદાલતની નાપસંદગી અને ટીકા આવા જોખમને દૂર કરે છે અને ન્યાયના ત્રાજવાને તેના યોગ્ય સંતુલનમાં પુનઃસ્થાપિત કરે છે. (પ૧૨–ઈ–જી)

૪. ભારતના સંવિધાનના પ્રકરણ ૪ માં, જે 'સંઘ ન્યાયતંત્ર' શીર્ષક ધરાવે છે, તેમાં અનુચ્છેદ ૧૩૨ થી ૧૩૬ શક્ય તેટલા વ્યાપક શબ્દોમાં અપીલ અધિકારક્ષેત્ર સાથે સંબંધિત છે. કોઈપણ અદાલત કે ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલા કોઈપણ પ્રકારના ચુકાદા કે હુકમ સામે અને કોઈપણ દાવા કે બાબતમાં ખાસ પરવાનગી મંજૂર કરવાને આધીન રહીને, અપીલ અધિકારક્ષેત્ર ધારણ કરવા પર વાપરી શકાય તેવું સર્વાંગીણ અધિકારક્ષેત્ર સુપ્રિમ કોર્ટમાં સમાવિષ્ટ અને નિહિત કરવામાં આવ્યું છે. આ સંવિધાન દ્વારા સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા સાથે અદાલતમાં નિહિત કરવામાં આવેલું એક અસાધારણ અધિકારક્ષેત્ર છે અને આ અધિકારક્ષેત્રના ઉપયોગમાં અસાધારણ કાળજી અને સાવધાની રાખવી જરૂરી છે. અનુચ્છેદ ૧૩૬ પક્ષકારને અપીલનો કોઈ અધિકાર પ્રદાન કરતો નથી, પરંતુ તે સુપ્રિમ કોર્ટમાં વિશાળ વિવેકાધીન સત્તા નિહિત કરે છે જે ન્યાયના વિચારો, ફરજની પુકાર અને અન્યાયના નિર્મૂલન દ્વારા વાપરવા માટે અભિપ્રેત છે. [૫૧૨–જી–એચ; ૫૧૩–એ–બી)

સી ઢાકેશ્વરી કોટન મિલ્સ વિરુદ્ધ સી.આઇ.ટી., એ.આઇ.આર. (૧૯૫૫) એસસી ૬૫, પર આધાર રાખવામાં આવ્યો.

મોતીલાલ સી. સેતલવાડ: સેન્ટેનરી લેક્ચર સિરીઝ ઓન સેન્ટેનરી સેલિબ્રેશન ઓફ ધી એડવોકેટ્સ. એસોસિએશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા, સેન્ટેનરી સોવેનિયર, પૃ. ૧૩૪, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૫. સંવિધાનના ઘડવૈયાઓએ દેશમાં એવી ન્યાય વિતરણ પ્રણાલીનું

નિર્માણ કર્યું હતું જે તત્ત્વમાં એકરૂપ હોય, સ્વતંત્રતા અને પદાનુક્રમ બંનેનું ધ્યાન રાખતી હોય અને તેમ કરતી વખતે સંતુલનનું ત્રાજવું સરખું જાળવી રાખતી હોય. ઉપર દર્શાવ્યા મુજબ અધિકારક્ષેત્ર સંબંધિત થોડાક ક્ષેત્રો સિવાય, સંઘ ન્યાયતંત્ર અને રાજ્ય ન્યાયતંત્ર નિઃશંકપણે એકબીજાથી સ્વતંત્ર છે. જોકે, તે જ સમયે, અપીલના પદાનુક્રમ પર ભાર મૂકવો આવશ્યક છે, જે યોગ્ય પરિપ્રેક્ષ્યમાં તપાસવામાં આવે તો, ન્યાયતંત્રની સ્વતંત્રતા તરફ મજબૂત રીતે ફાળો આપતું અને પ્રણાલીની અંદર ન્યાયનિર્ણયમાં અંતિમતા તથા કોઈપણ બાહ્ય દખલગીરી કે સુધારણાથી તેનું રક્ષણ સુનિશ્ચિત કરતું પરિબળ છે. આ નાજુક સંતુલન કાળજીપૂર્વક ઘડવામાં આવ્યું છે અને સુપ્રિમ કોર્ટ તથા હાઇકોર્ટો વચ્ચે સ્વતંત્રતા અને આંતરસંબંધ – બંને એકસાથે અસ્તિત્વ ધરાવતા હોય તે રીતે – હાંસલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ 'તણાવના સંબંધો તેમજ સહકારના સંબંધો' છે. [૫૧૩–એફ–એચ; ૫૧૪–એ)

ફ્રેન્ક એમ. કોફિન: ઓન અપીલ: કોર્ટ્સ, લોયરિંગ, એન્ડ જજિંગ, પૃ. ૫૨૫૩, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૬.૧. સંવિધાનના ઘડવૈયાઓએ હાઇકોર્ટને આદેશ આપવાની સત્તા સુપ્રિમ કોર્ટને સ્પષ્ટપણે પ્રદાન કરવી જરૂરી માની ન હતી કારણ કે તેઓ દીર્ઘદ્રષ્ટિ અને પૂર્વદ્રષ્ટિ ધરાવતા પુરુષો હતા, તેઓ જાણતા હતા કે તમામ બંધારણીય હોદ્દેદારો અને સંસ્થાઓ લોકશાહી અને બંધારણવાદને અનુરૂપ એવા ધોરણો અને પરંપરાઓના શ્રેષ્ઠ હિતમાં કાર્ય કરશે, જે તિરુપતિ બાલાજી

ડેવલપર્સ પ્રા. લિ. વિરુદ્ધ રાજ્ય ૫૦૧ સંવિધાનમાં નિર્ધારિત અને તેના પરથી સ્પષ્ટ થતી હોય તેમજ ઇતિહાસ અને ન્યાયાધીશોની પેઢીઓ દ્વારા વારસામાં આપવામાં આવી હોય. દરેક વ્યક્તિ પોતાની મર્યાદામાં રહેશે અને પોતાની સીમાઓ ઓળંગશે નહીં તેવી અપેક્ષા રાખવામાં આવી હતી જેથી આદર્શો અને મૂલ્યો જીવંત વાસ્તવિકતા બની રહે અને તે કોઈ અતિક્રમણ કે ભ્રમણા ન બની જાય. બંધારણીય અને લોકશાહી સંસ્થાઓ, એકબીજાની પૂરક અને સહાયક બનીને, આ પરંપરાગત વારસાને બળ આપશે અને ભાવી પેઢીઓ દ્વારા સન્માનિત અને પ્રશંસિત થાય તેવી સમૃદ્ધ પરંપરાઓ વિકસાવવામાં પણ ફાળો આપશે. આના પરિણામે સંવિધાનની કામગીરી વધુ સુદ્રઢ બનશે. [૫૧૪–ઈ–જી)

૬.૨. બંધારણવાદના ક્ષેત્રમાં, પરંપરા દ્વારા પોષાયેલા હોદ્દેદારો વચ્ચેના પરસ્પર વિશ્વાસ અને સન્માનના મૂલ્યો સંબંધોના નિયમોને સંહિતાબદ્ધ કરવાની જરૂરિયાતને હળવી કરે છે. અનુભવ દર્શાવે છે કે આવા નાજુક સંબંધોનું કોઈપણ કઠોર સંહિતાકરણ બદનામી કરવા માટે તત્પર રહેતા લોકો માટે ફાયદાકારક સાબિત થાય છે. કઠોર લેખિત કાયદો તે ગરિમા જાળવવાનું મુશ્કેલ બનાવે છે જેને સાચા મનના લોકો દ્વારા સમજવા પર છોડી દેવું વધુ સારું અને યોગ્ય છે, જેઓ અન્યની ગરિમાને પોતાની ગરિમાની જેમ જ ઉત્સાહપૂર્વક જાળવી રાખે છે. [૫૧૪–જી–એચ; ૫૧૫–એ)

૭. સંવિધાન હેઠળ અન્ય સંસ્થા સાથે વ્યવહાર કરતી સંસ્થાએ સૌજન્ય

અને શિષ્ટાચારનું પાલન કરવું પડશે. કોઈપણ ન્યાયાધીશે અન્ય ન્યાયાધીશની ટીકા કરવી જોઈએ નહીં અને ચોક્કસપણે કઠોર ટીકા તો ન જ કરવી જોઈએ. તેનાથી કોઈપણ વિચલન વહેલામાં વહેલી તકે અને વ્યાપક હિતમાં સુધારવું જરૂરી છે. અપીલને આધીન એવા અધિકારક્ષેત્ર દ્વારા આચરવામાં આવેલા નિયમભંગનું આવું વિચલન જો તેના ધ્યાને લાવવામાં આવે તો તેને સુધારવું એ અપીલ મંચ માટે ફરજિયાત છે અને જો તે તેમ ન કરે તો તે પોતાની ફરજમાં નિષ્ફળ જાય છે. નિઃશંકપણે, સુધારાત્મક પગલું પણ કાળજીપૂર્વક, સૌજન્ય અને આદર સાથે લેવામાં આવે છે અને કઠોર ટીકાના રૂપમાં નહીં. [૫૧૩–૮–સી)

ડેવિડ પેનિક: જજીસ, પૃ. (૧૨૭–૧૨૮), નો સંદર્ભ લેવામાં આવ્યો.

૮. પોતાના અપીલ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતી વખતે સુપ્રિમ કોર્ટને નિર્દેશો જારી કરવાનું કહેવામાં આવે છે, જે અપીલ મંચ તરીકે માત્ર તેનો વિશેષાધિકાર જ નથી પરંતુ ઘણીવાર ન્યાયની માંગ પૂરી કરવા અને અપીલ સત્તાના અસરકારક ઉપયોગ માટે જરૂરી પણ હોય છે. તેમ છતાં, તે આવા કોઈપણ 'નિર્દેશો' સીધા જારી કરવાથી સાવધાનીપૂર્વક દૂર રહે છે અને તેના બદલે સૌજન્ય તથા હાઇકોર્ટો પ્રત્યે સુપ્રિમ કોર્ટ જે આદર અને સન્માન ધરાવે છે – અને ધરાવવું જ જોઈએ – તેના દ્વારા પ્રગટ થતી વૈકલ્પિક અને નમ્ર અભિવ્યક્તિઓ જેવી કે–"અમે હાઇકોર્ટને વિનંતી કરીએ છીએ", "હાઇકોર્ટ પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે", "અમને વિશ્વાસ અને આશા છે કે

હાઇકોર્ટ કરશે", તેનો ઉપયોગ કરે છે. આ પ્રથા એક પરંપરા તરીકે વિકસિત થઈ છે અને સ્થાન પામી છે. કદાચ એકાદ–બે ઉદાહરણોને બાદ કરતાં, જેને પણ ટાળી શકાયું હોત, સુપ્રિમ કોર્ટ દ્વારા હાઇકોર્ટ પ્રત્યે અથવા હાઇકોર્ટ દ્વારા સુપ્રિમ કોર્ટ પ્રત્યે કોઈ અનાદર દર્શાવવામાં આવ્યો હોય અથવા કોઈપણ હાઇકોર્ટ દ્વારા તેની સામે દર્શાવવામાં આવેલા અનાદરના કોઈપણ દાખલાની નોંધ લેવાની આ અદાલતને જરૂર પડી હોય તેવો કોઈ પ્રસંગ બન્યો નથી. (પ૧૮–એફ–એચ; પ૧૯–એ]

૯.૧. બે ન્યાયિક સંસ્થાઓ વચ્ચે સહકાર ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે અને તણાવ ટાળી શકાય છે જો માત્ર ન્યાયિક સહકાર્યક્ષમતા શીખવામાં આવે, ઉમદાતા પ્રવર્તે અને હોમ્સની નમ્રતાનું શાસન રહે. (પ૨૦–બી–સી]

બેન્જામિન એન. કાર્ડોઝો: "સિલેક્ટેડ રાઇટિંગ્સ ઓફ બેન્જામિન નાથન કાર્ડોઝો પૃ. ૪૨૭–૪૨૮, હેરી ટી. એડવર્ડ્સ: "જ્યુડિશિયલ નોર્મ્સ: અ જીસ પર્સ્પેક્ટિવ્સ", વોશિંગ્ટન યુનિવર્સિટી સ્કૂલ ઓફ લો, ઓલિવર વેન્ડેલ હોમ્સ જુનિયર. જે. એચ. દ્વારા ઉદ્ધૃત અને ટાંકવામાં આવેલ વૂટન, "ક્રિએટિવિટી ઇન ધ લો" (૧૯૭૨) ૪ ઓસ્ટ જે ફોરેન્સિક સાયન્સિસ પૃ. ૧૦૭, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૯.૨. સંવિધાનનું અર્થઘટન જુદા જુદા ન્યાયાધીશો જે જુદા જુદા મૂલ્યોમાં માને છે તેની સાથે બદલાઈ શકે નહીં. તે સર્વસામાન્ય કલ્યાણનો ખ્યાલ છે, જેણે કસોટીના સમયમાં સંસ્થાઓ તરીકે અને વ્યક્તિઓ તરીકે આપણું

માર્ગદર્શન કરવું જોઈએ. (પર૦–ડી–ઈ)

એચ. એમ. સીરવાઈ: "કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા" ૪થી આવૃત્તિ, સિલ્વર જ્યુબિલી આવૃત્તિ, વોલ્યુમ ૩ ફકરો ૨૫. ૪૮૧, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૧૦. અધિકારક્ષેત્રની દ્રષ્ટિએ અને પદાનુક્રમિત પ્રણાલીમાં, જ્યાં સુધી અપીલ અધિકારક્ષેત્રના ઉપયોગનો સંબંધ છે, ત્યાં સુધી નિઃશંકપણે સુપ્રિમ કોર્ટ એક વરિષ્ઠ મંચ છે અને હાઇકોર્ટ એ અર્થમાં એક ગૌણ મંચ છે કે બાદની અદાલત પૂર્વની અદાલતના 'અપીલ અધિકારક્ષેત્ર' તરીકે ઓળખાતા અધિકારક્ષેત્રને આધીન છે. (પર૦–એફ–જી)

૧૧. અપીલ અધિકારક્ષેત્રનું અસ્તિત્વ જ નીચલા અધિકારક્ષેત્ર માટે અપીલ અધિકારક્ષેત્રનો સંપૂર્ણ અને અસરકારક રીતે ઉપયોગ કરવા સક્ષમ બનાવવા માટે ઉચ્ચ અધિકારક્ષેત્રને તેની તમામ સહાય પૂરી પાડવાનું ફરજિયાત બનાવે છે. નીચલા મંચને કેસ અને કાર્યવાહીનો પોતાનો રેકોર્ડ વરિષ્ઠ મંચ સમક્ષ પ્રમાણિત કરવાનું કહેવામાં આવી શકે છે. વરિષ્ઠ મંચને એવી કેટલીક માહિતીની જરૂર પડી શકે છે જે તાબાના મંચના કબજામાં અથવા જાણમાં હોવાથી, માત્ર તેના દ્વારા જ ઉપલબ્ધ કરાવવી પડશે. વરિષ્ઠ મંચ મનાઈ હુકમ અથવા પ્રતિબંધક હુકમ જારી કરી શકે છે અથવા તાબાના મંચમાં કાર્યવાહીને સ્થગિત, ઝડપી કે નિયંત્રિત કરી શકે છે. અપીલ અધિકારક્ષેત્રના ઉપયોગ દરમિયાન અથવા તેના અંતે ઉચ્ચ મંચ દ્વારા કરવામાં આવેલા કોઈપણ નિર્દેશનું

નીચલા મંચ દ્વારા પાલન કરવું પડશે, અન્યથા પદાનુક્રમ અર્થહીન બની જાય છે. (પ૨૦–જી–એચ; પ૨૧–બી–સી]

૧૨. જોકે, અનુચ્છેદ ૧૩૬ હેઠળ સુપ્રિમ કોર્ટને પ્રદાન કરવામાં આવેલું અધિકારક્ષેત્ર ઘણું વ્યાપક છે અને કોઈ તકનીકી બાબત આવા અધિકારક્ષેત્રના અસરકારક ઉપયોગને અટકાવી કે અવરોધી શકતી નથી, તેમ છતાં શાણપણ અને સ્વેચ્છાએ લાદવામાં આવેલા શિસ્તના નિયમ તરીકે વરિષ્ઠ મંચ પ્રથમ તબક્કે પોતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાનો ઇનકાર કરે છે જો રજૂ કરવામાં આવેલી ફરિયાદનું નિવારણ કરવા માટે સક્ષમ હોય તેવા કોઈપણ નીચલા મંચ દ્વારા તેનું નિવારણ થઈ શકતું હોય. (પ૨૧–બી–સી)

૧૩. તા. ૨૮–૧૦–૨૦૦૨ ના રોજ, આ અદાલતે સંયમ રાખ્યો હતો અને તેણે શા માટે હસ્તક્ષેપ કરવો જોઈએ અને વર્તમાન કેસમાં હાઇકોર્ટને તેના બંધારણીય અધિકારક્ષેત્રનો અને તે પણ જાહેર હિતમાં મુક્તપણે ઉપયોગ કરવા માટે શા માટે ખુલ્લું ન રાખવું જોઈએ તેવો અભિપ્રાય રચીને ખાસ પરવાનગી અરજી ધ્યાને લેવાનો ઇનકાર કર્યો હતો. જોકે, રજૂ કરવામાં આવેલી ફરિયાદની વહેલી સુનાવણી થવી જરૂરી હતી; આવો અભિપ્રાય બાંધવો અને પરિણામી નિર્દેશ જારી કરવો એ નિઃશંકપણે સંવિધાનના અનુચ્છેદ ૧૩૬ હેઠળ આ અદાલતની સક્ષમતામાં હતું. ત્યારબાદ, હકીકતો દર્શાવતી અને તારીખોનો ઉલ્લેખ કરતી સોગંદનામાથી સમર્થિત અરજી પર તા. ૩–૧૧–૨૦૦૩ નો હુકમ પસાર કરવામાં આવ્યો હતો, જેણે તેને દાખલ કરવાનો પ્રસંગ ઉપસ્થિત કર્યો હતો, જે ફરિયાદ ન

હોય તો પણ, ઓછામાં ઓછી એવી રાવ હતી કે સંવિધાનના અનુચ્છેદ ૧૩૬ દ્વારા પ્રદાન કરાયેલ અધિકારક્ષેત્રના ઉપયોગમાં આ અદાલત દ્વારા પસાર કરાયેલા તા. ૨૮–૧૦–૨૦૦૨ ના હુકમનું પાલન કરવામાં હાઇકોર્ટ નિષ્ફળ રહી હતી. અદાલતને લાગ્યું કે તે હુકમનું પાલન થવું જોઈતું હતું. અદાલતે એ પૂર્વધારણા સાથે આગળ વધી કે સામાન્ય સંજોગોમાં તે એવું વિચારવા પણ પ્રેરાશે નહીં, માનવાની તો વાત જ દૂર રહી, કે હાઇકોર્ટ આ અદાલતના હુકમનું પાલન કરી રહી ન હતી, જો માત્ર તે હુકમ તેના ધ્યાને લાવવામાં આવ્યો હોય. તેથી, હકીકતોની ખાતરી કરવા માટે આ અદાલતે પ્રત્યુત્તર માંગ્યો હતો. આ અદાલતના રજિસ્ટ્રાર જનરલે માહિતી માંગતો પત્રવ્યવહાર હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલને પાઠવ્યો હતો. આ પત્રવ્યવહારનો વહીવટી પક્ષે નિકાલ થવો જોઈતો હતો અને માત્ર આ અદાલતને સાચી હકીકતલક્ષી પરિસ્થિતિથી અવગત કરાવીને હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલ દ્વારા તેનો જવાબ આપવો જોઈતો હતો. જો હાઇકોર્ટ તરફથી કોઈ ભૂલ ન હોય, કોઈ કસૂર ન હોય અને બિન–પાલન જેવું કંઈ ન હોય, તો હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલ દ્વારા આ અદાલતના રજિસ્ટ્રાર જનરલને સંક્ષિપ્ત જરૂરી હકીકતો સાથેના પત્રવ્યવહારમાં સમાવિષ્ટ તે અંગેની જાણકારી પૂરતી હતી, જેને બાદના અધિકારીએ ન્યાયિક પક્ષે આ અદાલતની વિચારણા માટે મૂકી હોત. આવી પ્રક્રિયાનું ઘણીવાર પાલન કરવામાં આવે છે અને અનિચ્છાએ જેની વિચારણા કરવામાં આવી રહી છે તે આ એકમાત્ર ઉદાહરણને બાદ કરતાં કોઈએ ક્યારેય આ પ્રથા સામે વાંધો ઉઠાવ્યો નથી. [પર૧–ડી–એચ; પર૨–એ–બી]

૧૫.૧. આ કેસમાં હાઇકોર્ટની ડિવિઝન બેન્ચના મનમાં ઊભી થયેલી ખોટી છાપ

અંગે માત્ર ખેદ જ વ્યક્ત કરી શકાય છે. હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલને સંબોધિત આ અદાલતના માત્ર એક નિર્દોષ પત્રવ્યવહારના કારણે, હાઇકોર્ટ પક્ષકારના દરજ્જા સુધી ઉતારી દેવામાં આવી ન હતી કે હાઇકોર્ટને પક્ષકાર તરીકે જોડવામાં આવી ન હતી કે ન તો હાઇકોર્ટને એક સંસ્થા તરીકે અને અભિલેખ અદાલત તરીકે ખુલાસો આપવા અથવા પ્રત્યુત્તર આપવા માટે કહેવામાં આવ્યું હતું. (૫૨૨–બી–સી)

૧૫.૨. તે સ્પષ્ટ છે કે અસત્ય રજૂ કરવાના અથવા સત્ય છુપાવવાના દુસ્સાહસમાં સામેલ થઈને આ અદાલતમાં આવનાર કોઈપણ વ્યક્તિ તેના પરિણામો ભોગવશે, પરંતુ તે હકીકતોની ખાતરી થયા પછી જ થશે. સામાન્ય રીતે, હકીકતોની વિગતો આપતી અને સોગંદનામા દ્વારા સમર્થિત એવી આ અદાલત સમક્ષ દાખલ કરાયેલી અરજીમાં કરાયેલા કથનો પર અવિશ્વાસ કરવાનું શું કારણ હતું? તેમ છતાં, અદાલતે તે અરજી પર ઉતાવળમાં કોઈ કાર્યવાહી કરી ન હતી અને એકતરફી કોઈ હુકમ પસાર કર્યો ન હતો. કાળજી, સાવધાની અને દૂરંદેશીપૂર્વક કાર્ય કરીને – અને દેખીતી રીતે હાઇકોર્ટ પ્રત્યે આદર રાખીને – તેણે પોતાના હાથ રોકી રાખ્યા અને હકીકતોની ખાતરી કરવાનો પ્રયાસ કર્યો. હાઇકોર્ટ નારાજ અને અસ્વસ્થ થાય, અને વ્યથિત થઈને જે રીતે તેણે કમનસીબે પ્રતિક્રિયા આપી છે તે રીતે પ્રતિક્રિયા આપે તેવો કોઈ પ્રસંગ બિલકુલ નહોતો. હાઇકોર્ટે જાણવું જોઈતું હતું કે બંને હુકમો, તા. ૨૮–૧૦–૨૦૦૨ નો હુકમ તેમજ તા. ૩–૧૧–૨૦૦૩ નો હુકમ, ભારતીય ન્યાયતંત્રના વડીલ એવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અધ્યક્ષપદ હેઠળની બેન્ચો દ્વારા પસાર કરવામાં આવ્યા

હતા. {૫૨૨–ડી–એફ)

૧૫.૩. હાઇકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા પસાર કરવામાં આવેલો તા. ૩–૧૨–૨૦૦૩ નો હુકમ કમનસીબ છે. આ અદાલત વર્તમાન હુકમ પસાર કરવામાં વધુ પડતો આનંદ અનુભવતી નથી. આ અદાલતની ક્ષોભજનક સ્થિતિ ત્યારે બમણી થઈ જાય છે જ્યારે એ નોંધવામાં આવે છે કે હાઇકોર્ટની ડિવિઝન બેન્ચ, જેણે તા. ૩–૧૨–૨૦૦૩ નો હુકમ પસાર કર્યો હતો, તે પણ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના અધ્યક્ષપદે હતી. રાઈનો પહાડ બનાવવાના બદલે આ બધું ટાળી શકાય તેવું હતું અને ટાળવું જોઈતું હતું {૫૨૦–એફ–જી)

૧૬. જોકે, આ અદાલતે દેશની સર્વોચ્ચ અદાલત તરીકે આ ગૌરવપૂર્ણ સંસ્થાની ગરિમા જાળવી રાખવાની છે અને હાઇકોર્ટની એ ખોટી ધારણાને દૂર કરવાની છે કે આ અદાલતનો કોઈપણ હુકમ એક બંધારણીય અદાલત અથવા અભિલેખ અદાલત તરીકે હાઇકોર્ટના દરજ્જાને નબળો પાડવાનો ઈરાદો ધરાવતો હતો. હાઇકોર્ટનો આવો હુકમ, જેણે ન તો આ અદાલતનું કે ન તો ખુદ હાઇકોર્ટનું કોઈ ભલું કર્યું છે, તે આ અદાલતના ધ્યાને લાવવામાં આવ્યો હોવાથી, બંધારણીય રીતે આંખ આડા કાન ન કરવા પરંતુ પગલાં લેવા આ અદાલત બંધાયેલી છે. તેથી, એવો નિર્દેશ આપવામાં આવે છે કે હાઇકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા પસાર કરવામાં આવેલા તા. ૩–૧૨–૨૦૦૩ ના હુકમમાંથી ચુકાદાના અગાઉના ભાગમાં ઉદ્ધૃત અને પુનઃઉત્પાદિત કરવામાં આવેલા તે તમામ ફકરાઓ આ અદાલત માટે અપમાનજનક, બદનક્ષીભર્યા, તદ્દન અયોગ્ય

અને આ અદાલતની કાર્યવાહી અંગે એવી ટિપ્પણીઓ કરનારા હોઈ જેને હાઇકોર્ટે ન કરવી જોઈતી હતી, તેને કાઢી નાખવામાં આવે અને રદબાતલ કરવામાં આવે. અભિલેખ અદાલત તરીકે હાઇકોર્ટના રેકોર્ડ પર આવી ટિપ્પણીઓ ચાલુ રાખવી જોઈએ નહીં. આ હુકમનું અક્ષરશઃ અને સાચા અર્થમાં પાલન કરવામાં આવશે અને તેના પાલનનો અહેવાલ હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલ દ્વારા આ અદાલતના રજિસ્ટ્રાર જનરલને સુપરત કરવામાં આવશે. આ અદાલત એ સદ્‌ભાવનાભરી આશા સાથે વિદાય લે છે કે આવો હુકમ કરવાનો તેના માટે અન્ય કોઈ પ્રસંગ ઉપસ્થિત થશે નહીં. [૫૨૨–જી–એચ; ૫૨૩–એ–બી–સી)

દીવાની અપીલ અધિકારક્ષેત્ર : એસ. એલ. પી. (સી) ૨૦૦૪ નો નંબર સીસી નંબરો ૮૦૭૧–૮૦૭૨ / ૨૦૦૨.

સી. ડબલ્યુ. જે. સી. માં પટના હાઇકોર્ટના તા. ૧.૧૦.૨૦૦૧ ના ચુકાદા અને હુકમ સામે. ૧૯૮૮ નો નંબર ૬૯૪૧ અને ૬૯૯૭.

પી. એસ. મિશ્રા, તથાગત એચ. વર્ધન, અમિતાભ સી. મિશ્રા, ધ્રુવ કુમાર ઝા અને સી. ડી. સિંહ, અરજદારો તરફથી. સુનીલ રોય, મનીષ મોહન, બી. એમ. પ્રસાદ, શ્રીમતી અનિતા મોહન અને ઉગ્ર શંકર પીડી., સામાવાળાઓ તરફથી.

અદાલતનો ચુકાદો **આર. સી. લાહોટી, ન્યાયમૂર્તિ દ્વારા** આપવામાં આવ્યો હતો:

પટના ખાતે આવેલી ઉચ્ચ ન્યાયાલયની ડિવિઝન બેન્ચ સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળ પોતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને જાહેર હિતની સુનાવણી હાથ ધરી રહી છે. ગટર વ્યવસ્થા, મળ–નિકાલ વ્યવસ્થા, પીવાના પાણીના પુરવઠાની વ્યવસ્થા, રસ્તાની કિનારીઓ ખરાબ હાલતમાં હોવા અને ફૂટપાથના પુનઃઆવંટન અંગે હાઇકોર્ટ ચિંતા અનુભવી રહી છે. હાઇકોર્ટે એક રસ્તાને મોડેલ રહેઠાણ વિસ્તાર તરીકે પસંદ કર્યો હોય તેવું જણાય છે જેથી શહેરીકરણ અને કાયદા અનુસાર નગર નિયોજનને સંચાલિત કરતા શિસ્તને અનુરૂપ અન્ય રસ્તાઓ માટે એક ઉદાહરણ પૂરું પાડી શકાય અને ભાવી પેઢીઓને રહેવા માટે વધુ સુરક્ષિત શહેર, નાગરિક સુવિધાઓ સાથેનું નગરીય શહેર, નાગરિકોના લાભ માટે મળે તે સુનિશ્ચિત કરી શકાય. હાઇકોર્ટ સતત જારી રહેતા પરમાદેશ સ્વરૂપના હુકમો જારી કરી રહી છે અને તેના પાલનનું નિરીક્ષણ પણ કરી રહી છે. તા. ૧.૧૦.૨૦૦૧ ના રોજ, હાઇકોર્ટે નીચે મુજબના નિર્દેશો ધરાવતો વચગાળાનો હુકમ પસાર કર્યો હતો: (એ) શેરીનું સંરેખણ સીધું હોય અથવા રસ્તા માટે સ્વાભાવિક હોય તેવા હળવા વળાંકમાં હોય અને કોલમ ૩ માં અદાલતને આપેલી વિગતોમાં દર્શાવ્યા મુજબ રસ્તાના મધ્યભાગથી સેટ બેક જાળવી રાખવામાં આવે. રસ્તાની બંને બાજુએ ૧૧૦' (ફૂટ) ના અંતરથી આચ્છાદિત થતી ઇમારતોની ઓળખ કરવામાં આવે; (બી) વરસાદી પાણીના નિકાલની ગટરનું આયોજન એવી રીતે કરવામાં આવશે કે જેથી તે તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૦૧ ના હુકમના સંદર્ભમાં દર્શાવેલ અને માપવામાં આવેલી છ

મિલકતોની સીમા સંરેખણને અડીને ચાલે; (સી) બંને બાજુઓ/ફૂટપાથ/પગદંડીઓ વરસાદી ગટર અને પાકા રસ્તાના વાહન વ્યવહારની પહોળાઈ વચ્ચે સીધી રેખામાં સમાંતર ચાલશે; અને (ડી) બેઈલી રોડના કોઈપણ ચાર રસ્તા પર, રસ્તાના કેન્દ્રથી ૧૦૦ મીટરના વ્યાસને સંરક્ષિત વિસ્તાર તરીકે આયોજિત કરવામાં આવશે અને સેટ બેક એવી રીતે રાખવામાં આવશે કે જેથી કોઈ બ્લાઇન્ડ સ્પોટ કે દ્રષ્ટિમાં અવરોધ ન રહે. આ પરિઘથી ન્યૂનતમ મુખભાગ અને સેટ બેક ૧૧૦' (ફૂટ) જાળવી રાખવાનું રહેશે. હાઇકોર્ટ સમક્ષની કાર્યવાહી અને તેમાં પસાર કરાયેલા હુકમોની અસરો પૈકીની એક અસર જાહેર માર્ગ, બેઈલી રોડના સમગ્ર વિસ્તાર પર રસ્તાના મધ્યભાગથી બંને બાજુએ ૧૧૦ ફૂટની અંદર તમામ બાંધકામ કામ પર પ્રતિબંધ મૂકવાની હતી. સ્થાનિક સત્તાવાળાઓને સદરહુ વિસ્તારના પટ્ટાની અંદર બાંધકામ માટેના કોઈપણ નકશા મંજૂર કરવા પર પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા.

એવું જણાય છે કે બાંધકામ પ્રવૃત્તિમાં રોકાયેલા કેટલાક બિલ્ડરો/ડેવલપર્સ હતા અને તા. ૧.૧૦.૨૦૦૧ ના વચગાળાના હુકમની અસર તેમની બાંધકામ પ્રવૃત્તિને નોંધપાત્ર રીતે સ્થગિત કરવાની થઈ હતી. તા. ૧૭.૯.૨૦૦૨ ના રોજ, તે પૈકીના સાત જણાએ હાઇકોર્ટના તા. ૧.૧૦.૨૦૦૧ ના હુકમ સામે અપીલ કરવા માટે ખાસ પરવાનગી માંગતી અરજી આ અદાલતમાં દાખલ કરી હતી. કેસના શીર્ષકમાં તેઓએ પોતાને મધ્યસ્થીઓ/અરજદારો તરીકે દર્શાવ્યા હતા. એવું જણાય છે કે તેઓ તે કાર્યવાહીમાં પક્ષકાર નહોતા, કે ન તો તેમને નોટિસ આપવામાં આવી હતી, જેમાં તા. ૧.૧૦.૨૦૦૧ નો હુકમ પસાર

કરવામાં આવ્યો હતો, ઓછામાં ઓછું તેઓ ખાસ પરવાનગી અરજી સાથે જોડાયેલી ખાસ પરવાનગી અરજી દાખલ કરવાની પરવાનગી માંગતી તેમની અરજીમાં આવું જણાવે છે. જ્યારે આ બાબત તા. ૨૮.૧૦.૨૦૦૨ ના રોજ આ અદાલત સમક્ષ સુનાવણી માટે આવી, ત્યારે અદાલત દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલો અને અરજદારોના વિદ્વાન વકીલ સમક્ષ મૂકવામાં આવેલો એક સ્પષ્ટ પ્રશ્ન એ હતો કે જો, તેમની પોતાની રજૂઆત મુજબ, તેઓ હાઇકોર્ટ સમક્ષ પક્ષકાર તરીકે જોડાયેલા ન હતા, તો પછી તેઓ પોતાનો કેસ અને જો કોઈ હોય તો પોતાની રાવ રજૂ કરીને હાઇકોર્ટનો સંપર્ક કેમ ન કરે અને હાઇકોર્ટ દ્વારા પસાર કરાયેલા તા. ૧.૧૦.૨૦૦૧ ના વચગાળાના હુકમને રદ કરવા અથવા તેમાં ફેરફાર કરવા માટે અરજ કેમ ન કરે. અરજદારોના વિદ્વાન વકીલે આ અદાલતના ધ્યાને લાવ્યા હોય તેવું જણાય છે કે અરજદારોએ હાઇકોર્ટ સમક્ષ તા. ૧.૧૦.૨૦૦૧ ના વચગાળાના હુકમને રદ કરવા માટે અગાઉથી જ અરજી કરી દીધી હતી. આ અદાલતે તેના તા. ૨૮.૧૦.૨૦૦૨ ના હુકમમાં ઠરાવ્યું હતું – "તે બાબતને ધ્યાનમાં રાખીને, અમે આ અરજીઓને ધ્યાને લેવા ઉત્સુક નથી અને તેથી તેને રદ કરવામાં આવે છે. ઉક્ત બાબતની સુનાવણી ઝડપી બનાવવા માટે અરજદારો માનનીય મુખ્ય ન્યાયમૂર્તિનો સંપર્ક કરી શકે છે. અમે આશા અને વિશ્વાસ રાખીએ છીએ કે: આ બાબતનો વહેલી તકે નિર્ણય કરવામાં આવશે"

૫ એપ્રિલ, ૨૦૦૩ ના રોજ, આઈ. એ. ૨૦૦૩ ના નંબરો ૮–૯ અરજદારો દ્વારા આ અદાલતમાં દાખલ કરવામાં આવ્યા હતા જેમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે તા. ૧.૧૦.૨૦૦૧ ના વચગાળાના હુકમને રદ કરવાની

અરજ કરતી તેમની અરજીઓ અગાઉથી જ તા. ૧૬/૧૭.૭.૨૦૦૨ ના રોજ દાખલ કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી તેમની મનાઈ હુકમ રદ કરવાની અરજીની સુનાવણી માટે કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી. અરજીમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મેન્શનિંગ સ્લિપ રજૂ કરવામાં આવી હતી જેને જ્યારે બેન્ચ ઉપલબ્ધ હોય ત્યારે રજૂ કરવા માટે રેકોર્ડ પર લેવામાં આવી હતી. વધુમાં એવું જણાવાયું હતું કે આ અદાલતના તા. ૨૮.૧૦.૨૦૦૨ ના હુકમ પછી આવી મેન્શનિંગ સ્લિપો બાબતની વહેલી સુનાવણીની ચાદી માટે અરજ કરતી માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ તા. ૨૧.૧૧.૨૦૦૨, ૧૨.૧૨.૨૦૦૨ અને ૧૬.૧.૨૦૦૩ ના રોજ દાખલ કરવામાં આવી હતી પરંતુ કોઈ હુકમો પસાર કરવામાં આવ્યા ન હતા. અરજીમાં કરાયેલા કથનો સોગંદનામા અને એવા દસ્તાવેજો દ્વારા પણ સમર્થિત છે જેમાં મોટે ભાગે કાર્યવાહીના રેકોર્ડની નકલોનો સમાવેશ થાય છે. જે . હાઈકોર્ટમાં ચાલી હતી. અરજદારોએ ખાસ પરવાનગી અરજીનો નિકાલ કરનારા આ અદાલતના હુકમને પાછો ખેંચવાની, ખાસ પરવાનગી અરજીઓને સુનાવણી માટે હાથ પર લેવાની અને પટના હાઈકોર્ટ દ્વારા પસાર કરાયેલા તા. ૧.૧૦.૨૦૦૧ ના વચગાળાના હુકમના અમલ પર સ્ટે આપવાની માંગણી કરી હતી. અરજદારોએ અરજી સાથે એક ચાર્ટ (જોડાણ પી–૮) સામેલ કર્યો હતો જેમાં તેઓએ પહેલાથી જ ભોગવેલા અને હાઈકોર્ટ દ્વારા સ્ટે રદ કરવાની તેમની અરજીઓ સુનાવણી માટે હાથ પર ન લેવાના કારણે દર મહિને સતત ભોગવી રહેલા નાણાકીય નુકસાનની રકમ દર્શાવવામાં આવી હતી.

આ અદાલતે તે અરજીઓ પર નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

તા. ૩.૧૧.૨૦૦૩ ના રોજ, ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિના અધ્યક્ષપદ હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે, ઉપસ્થિત પક્ષકારોના વિદ્વાન વકીલને સાંભળ્યા પછી, અને અરજદારો દ્વારા કરવામાં આવેલા કથનો સાચા છે કે નહીં તે જાણવાની તેમની ઉત્સુકતામાં, હાઇકોર્ટ પાસેથી પ્રત્યુત્તર માંગ્યો હતો. અદાલત એ ખાતરી કરવા માંગતી હતી કે શું અરજદારોએ કોઈ અરજીઓ દાખલ કરી હતી અને શું તે સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવી ન હતી. દેખીતી રીતે તા. ૩.૧૧.૨૦૦૩ નો હુકમ પસાર કરવામાં આ અદાલતનો હેતુ હકીકતોની ખાતરી કરવાનો હતો, તેમજ જો તે પહેલાથી કરવામાં ન આવ્યું હોય તો અરજદારોની 'મનાઈ હુકમ રદ કરવાની અરજીઓ' ની વહેલી સુનાવણીની યાદી તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂકવાનો હતો. આ અદાલતનો હુકમ આ અદાલતની રજિસ્ટ્રી દ્વારા હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલને મોકલવામાં આવ્યો હતો.

એવું જણાય છે કે હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલે એક નોંધ તૈયાર કરી હતી અને તેને પટના હાઇકોર્ટના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ વિચારણા માટે રજૂ કરી હતી. તે નોંધ વહીવટી પક્ષે નહીં પરંતુ ન્યાયિક પક્ષે વિચારણા માટે લેવામાં આવી હોય તેવું જણાય છે. હાઇકોર્ટે આ અદાલતના તા. ૩.૧૧.૨૦૦૩ ના હુકમ સામે સખત વાંધો ઉઠાવ્યો હોય તેવું જણાય છે અને એવી છાપ ઊભી કરી છે કે જાણે આ અદાલતે એક સંસ્થા તરીકે હાઇકોર્ટને 'ખુલાસો આપવા' માટે 'નિર્દેશ' આપ્યો હોય. હાઇકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા પસાર કરાયેલા તા. ૩.૧૨.૨૦૦૩ ના હુકમના કેટલાક અંશો નીચે મુજબ છે:– "એ કમનસીબ છે, અત્યંત કમનસીબ છે કે, એક મધ્યસ્થી, જે કોઈપણ સંજોગોમાં તે કેસમાં

પક્ષકાર પણ ન હતો, તેની અરજી પર એક બંધ થયેલા અને નિર્ણિત કેસને પુનર્જીવિત કરવામાં આવ્યો અને રેકોર્ડ રૂમમાંથી મંગાવવામાં આવ્યો, અને હાઇકોર્ટ પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો છે. એક અર્ધ–મુદ્દેઈ, જેણે પોતે હાઇકોર્ટમાં કોઈ કેસ દાખલ કર્યો નથી પરંતુ સુપ્રિમ કોર્ટ પાસેથી એવું પ્રમાણપત્ર મેળવવા માંગે છે કે હાઇકોર્ટે વાંધો ઉઠાવ્યો છે અથવા અવગણના કરી છે, તેની ફરિયાદ પર હાઇકોર્ટને સુપ્રિમ કોર્ટ સમક્ષ પ્રત્યુત્તર આપવા માટે કહેવામાં આવ્યું છે. હાઇકોર્ટ કેવી રીતે પ્રત્યુત્તર આપે? શું બેન્ચ સુપ્રિમ કોર્ટને ખુલાસો પૂરો પાડે? શું હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલ, સુપ્રિમ ૫૦૮ સુપ્રિમ કોર્ટ રિપોર્ટ્સ [૨૦૦૪) સપ્લીમેન્ટરી ના રજિસ્ટ્રાર જનરલ સમક્ષ ખુલાસાત્મક નોંધ દાખલ કરે? ૧ એસ. સી. આર.

કોર્ટ? શું હાઇકોર્ટે વકીલ રોકવો જોઈએ? શું હાઇકોર્ટે કોઈ ચુકાદામાં ભૂલ કરી છે? શું હાઇકોર્ટ વિરોધી પક્ષકાર છે?

આ અદાલત એ નિર્દેશ કરવા મજબૂર છે કે સુપ્રિમ કોર્ટના બાર સમક્ષ ખોટી જુબાની આપવામાં આવી છે. અસત્ય કથનો કરવામાં આવ્યા છે. બે અદાલતો, હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં જાહેર ન્યાયની પવિત્રતાને કલંકિત કરવામાં આવી છે.

આ અપ્રમાણિકતાની વિગતો આપતો રજિસ્ટ્રાર જનરલનો અહેવાલ, જાહેર ન્યાયને અસત્ય દ્વારા કેવી રીતે કલંકિત કરવામાં આવ્યો છે તે અંગે આંખ ઉઘાડનારો હોવો જોઈએ. અને એકવાર ન્યાયનો પ્રવાહ પ્રદૂષિત થઈ જાય પછી તે

એક ઝેરી નદી સમાન છે જે જીવન આપવાના બદલે જીવ લે છે.

xxx xxx xxx

આ કેસમાં, એક મધ્યસ્થીએ સુપ્રિમ કોર્ટ સમક્ષ એવું ચિત્ર રજૂ કર્યું છે કે હાઇકોર્ટમાં આ કેસમાં કોઈ કાર્યવાહી ચાલી રહી નથી, જે અસત્ય છે. કાર્યવાહી નિયમિતપણે ચાલી રહી છે.

સુપ્રિમ કોર્ટે હાઇકોર્ટનો "પ્રત્યુત્તર" માંગ્યો છે, અને સદભાગ્યે એવી નોંધ કરી છે કે "અરજદારોએ વહેલી સુનાવણી માટે રજૂઆત કરી હોવા છતાં.... તેવા આક્ષેપના આધારે....'ટી. આ તેનો પ્રત્યુત્તર છે. જો તે માંગવામાં ન આવ્યો હોત તો આ અદાલતને પોતાનો પ્રત્યુત્તર આપવાનો કોઈ પ્રસંગ ન હોત. અદાલતો પોતાના હુકમો પાછળ દોડવા માટે બંધાયેલી નથી, કારણ કે તેઓ સંપૂર્ણ અનાસક્તિની ભાવના સાથે પોતાની જવાબદારીઓ નિભાવવા માટે અભિપ્રેત છે. વિરોધી પક્ષકારો અદાલત સમક્ષ અસત્ય તરફ નિર્દેશ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ આ પણ એક અસામાન્યતા છે, અસત્ય કથનો અદાલતી કાર્યવાહીની સામાન્યતા હોવાની અપેક્ષા રાખવામાં આવતી નથી.

તદુપરાંત, જાહેર હિતની અરજીમાં, કોઈ મુદ્દો રજૂ કરનાર અને જનહિત માટે સકારાત્મક પગલાંની અપેક્ષા રાખનાર આર્થિક રીતે નબળો પક્ષકાર જો ઉચ્ચ અદાલતમાં કોઈ બહારની વ્યક્તિ દ્વારા મુદ્દાઓને તોડીમરોડીને કાર્યવાહીને નિષ્ફળ બનાવવામાં આવે તો અદાલતમાં આવવાના તે દિવસ પર પસ્તાવો કરી શકે છે.

જે કેસમાં "પ્રત્યુત્તર" માંગવામાં આવી રહ્યો છે, તે બાબત શહેરી આયોજન સાથે સંબંધિત છે. ,_

xxx xxx

આ કોર્ટ નિખાલસપણે બોલવાની છૂટ લઈ રહી છે કારણ કે પ્રત્યુત્તર માંગવામાં આવ્યો હતો. રજિસ્ટ્રાર જનરલ દ્વિધામાં હતા અને તેમણે કોર્ટને પૂછ્યું હતું કે તેમણે આ પ્રત્યુત્તર કેવી રીતે રજૂ કરવો જોઈએ. તેઓ એક અધિકારી છે, શું તેમણે તે સુપ્રિમ કોર્ટના રજિસ્ટ્રાર જનરલને સોંપવો જોઈએ? તેઓ જાણવા માંગતા હતા કે, શું ન્યાયાધીશોએ ખુલાસો આપવો જોઈએ? તેનો એકમાત્ર જવાબ એ બાબત પર રહેલો છે કે વરિષ્ઠ અભિલેખ અદાલત (કોર્ટ ઓફ રેકોર્ડ) શું છે. જો સંવિધાનીય અદાલતના અપીલ અધિકારક્ષેત્ર સમક્ષ, જે ભારતની સુપ્રિમ કોર્ટ છે, હકીકતો શુદ્ધ અને સાચી હોય, તો આ તમામ મુદ્દાઓ ઉપસ્થિત થશે નહીં. જો સુપ્રિમ કોર્ટ સમક્ષ ખોટી રજૂઆતો કરવામાં આવી હોય, અને સુપ્રિમ કોર્ટને એવી પ્રતીતિ થાય કે આવી કોઈ પરિસ્થિતિ અસ્તિત્વમાં હોઈ શકે છે, તો તે શોધી કાઢવાની ઘણી અન્ય રીતો છે. કોઈ કસૂરવાર પક્ષકારની ઉશ્કેરણીથી હાઇકોર્ટ પાસેથી ખુલાસો માંગવો, તે અત્યંત દુઃખદ દિવસ ગણાશે.

xxx xxx xxx

આ કોર્ટને આ હુકમ નોંધતા ખૂબ જ દુઃખ થાય છે. સુપ્રિમ કોર્ટના બાર સમક્ષ અભિલેખો છુપાવવા અને અસત્ય દલીલો તેમજ ખોટા અભિવચનો રજૂ કરવામાં આવ્યા છે, જે જાહેર ન્યાય વિરુદ્ધના ગુના સમાન હોઈ શકે છે. જાહેર

હિતમાં અને ન્યાયના હિતમાં માત્ર એટલું જ યોગ્ય રહેશે કે, આ હુકમની એક નકલ રજિસ્ટ્રાર જનરલ દ્વારા ભારતના સુપ્રિમ કોર્ટના રજિસ્ટ્રાર જનરલને (એ) તારીખ ૨૮ ઓક્ટોબર ૨૦૦૨ અને ૩ નવેમ્બર ૨૦૦૩ ના રોજના હુકમો પસાર કરનાર નામદાર કોર્ટ સમક્ષ અને (બી) ભારતના એટર્ની જનરલ સમક્ષ મૂકવા માટે મોકલવામાં આવે."

ઉપર ટાંકવામાં આવેલા હુકમના છેલ્લા ફકરામાં સમાવિષ્ટ પટના હાઇકોર્ટના નિર્દેશને ધ્યાને રાખીને, અને ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિની સૂચના હેઠળ, આ બાબત અમારી આ બેંચ સમક્ષ મૂકવામાં આવી છે. અમે માનનીય મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળી પટના હાઇકોર્ટની ડિવિઝન બેંચ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમનું અવલોકન કર્યું છે; કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. શું સંવિધાનના અનુચ્છેદ ૧૩૬ હેઠળ અપીલ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતી આ કોર્ટ, (૧) હકીકતો સુનિશ્ચિત કરવાના, (૨) તારીખ ૨૮.૧૦.૨૦૦૨ ના રોજના હુકમમાં સમાવિષ્ટ નિર્દેશનું પાલન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી માહિતી માંગતો પત્રવ્યવહાર હાઇકોર્ટને મોકલવાનો નિર્દેશ આપી શકી ન હોત? શું હાઇકોર્ટની ડિવિઝન બેંચ કાયદાની દ્રષ્ટિએ અને ઔચિત્યના વિચારણાના આધારે – ઉપર ટાંકવામાં આવેલા અને પુનઃઉલ્લેખિત કરાયેલા તમામ અવલોકનો કરવા માટે વાજબી છે? શું હાઇકોર્ટ માટે ભારતના સુપ્રિમ કોર્ટના રજિસ્ટ્રાર જનરલને તેનો પત્રવ્યવહાર આ કોર્ટની કોઈ ચોક્કસ બેંચ સમક્ષ વિચારણા અર્થે મૂકવાનો નિર્દેશ આપવો યોગ્ય છે? આ સંવેદનશીલ પ્રશ્નોએ અમને સંવિધાન હેઠળ કાર્યરત બે પ્રતિષ્ઠિત ન્યાયિક સંસ્થાઓ તરીકે હાઇકોર્ટો

